ક્રમાંકઃ રાપબો/PSE-SSE-2025-26/2025/ 12361 - 12444

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા.૦૧/૧૧/૨૦૨૫

<u>પરિપત્રઃ-</u>

વિષયઃ- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(PSE-SSE) ૨૦૨૫-૨૬ પરીક્ષાની ફી ભરવા બાબત.

સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીના તા.૨૪/૦૯/૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંકઃરાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૫-૨૬/૧૧૩૨૩-૪૦૬

(૨) અત્રેની કચેરીના તા.૧૫/૧૦/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંકઃરાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૫-૨૬/૨૦૨૫/૧૨૧૫૪-૧૨૨૩૮

ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત જાહેરનામાથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE-SSE) ૨૦૨૫-૨૬ માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૦૧/૧૦/૨૦૨૫ થી તા.૧૫/૧૦/૨૦૨૫ દરમિયાન ઓનલાઇન આવેદનપત્રો મંગાવવામાં આવેલ હતા.

વધુમાં, તા.૧૫/૧૦/૨૦૨૫ ના પત્ર અન્વયે ઓનલાઇન આવેદનપત્રો ભરવા માટે તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી મુદ્દત લંબાવવામાં આવેલ હતી તેમજ તા.૦૧/૧૧/૨૦૨૫ સુધી ફી ભરવા માટે પણ સમયગાળો લંબાવવામાં આવેલ હતો.

**જિલ્લાઓમાંથી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના આવેદનપત્રો કન્ફર્મ થયેલ હોય અને ફી ભરવાની બાકી રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓની તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી અચુક ફી ભરી દેવાની રહેશે.**

**ઉક્ત સમયમર્યાદા બાદ ફી અંગે આવેલ કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.**

આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉક્ત સંદર્ભદર્શિત જાહેનામા મુજબ યથાવત રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ રવાના અમલાર્થેઃ-</u>

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

- આપના તાબા હેઠળની જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

- જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

શાસનાધિકારીશ્રી, તમામ, (આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.)

જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

- આવેદનપત્ર કન્ફર્મ થયેલ હોય અને ફી ભરવાની બાકી હોય તેવા તમામ વિદ્યાર્થીને SMS થી જાણ કરવી

મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ